**T-20 વર્લ્ડકપ આજની મેચ**
**ઓસ્ટ્રેલિયા v/s ઓમાન**
સમયઃ સાંજે 7.00 વાગ્યે, સ્થળઃ કેન્ડી

# બેનેટ, રઝાની જુગલબંધીથી શ્રીલંકાને હરાવી ઝિમ્બાબ્વે ગ્રુપમાં અજેય રહ્યું

**તોફાની** શરૂઆત છતાં શ્રીલંકાની ટીમ હોમ ગ્રાઉન્ડ પર સાત વિકેટે 178 રન સુધી સિમિત રહી

**બ્રાયન** બેનેટ અને સિકંદર રઝા વચ્ચેની ભાગીદારીથી ઝિમ્બાબ્વેએ ત્રણ બોલ બાકી રાખી જીત મેળવી



કોલંબો, તા. 19 (પીટીઆઇ) : ટી-20 વર્લ્ડકપમાં આજે ગુરુવારે ગ્રુપ બીની એક મેચમાં બ્રાયન બેનેટની અડધી સદી અને કેપ્ટન સિકંદર રઝાની 45 રનની ઈનિંગના જોરે ઝિમ્બાબ્વેએ શ્રીલંકાને છ વિકેટથી હરાવીને અજેય રહી ગ્રુપની ટોચની ટીમ તરીકે સુપર આઠમાં પ્રવેશ કર્યો હતો. મુશ્કેલ પીચ પર ૧૭૯ રનના લક્ષ્યાંક સામે ઝિમ્બાબ્વેએ 19.3 ઓવરમાં ચાર વિકેટે 182 રન બનાવ્યા. બેનેટ 48 બોલમાં 63 રને નોટઆઉટ રહ્યો હતો.

ઝિમ્બાબ્વેએ પાવરપ્લેમાં કોઈ નુકસાન વિના 55 રન બનાવ્યા. ઓપનર બેનેટ અને તાડી મારુમાનીએ ટીમને મજબૂત શરૂઆત આપી. તેમણે 8.3 ઓવરમાં પ્રથમ વિકેટ માટે 69 રન ઉમેર્યા. મારુમાની અને રાયન બર્લની વિકેટ પડ્યા પછી રઝા અને બેનેટે બાજી સંભાળી. જો કે રઝા 26 બોલમાં 45 રન કરીને આઉટ થયો તે પછી વધુ એક વિકેટ પડી હતી અને અંતિમ ઓવરમાં ઝિમ્બાબ્વેને જીતવા માટે આઠ રનની જરૂર હતી. જેમાં ટોની મુન્યોંગાએ તીકશાના બોલ પર સિક્સર ફટકારીને ઝિમ્બાબ્વે કેમ્પમાં ખુશી ફેલાવી દીધી અને તે પછી એક રન લઈ સ્કોર બરાબરી પર મૂક્યો હતો. તે પછી બેનેટે ચોગ્ગો ફટકારીને ઝિમ્બાબ્વેને છ વિકેટે જીત અપાવી હતી.

આ પહેલા પ્રથમ બેટિંગ કરતા, શ્રીલંકાએ સારી શરૂઆત કરી હતી, અને તેના બેટ્સમેનોએ પાવરપ્લેમાં એક વિકેટે 61 રન બનાવ્યા હતા, પરંતુ ત્યારબાદ રન રેટ ધીમો પડી ગયો. શ્રીલંકાના બેટ્સમેનોને ધીમી પિચ પર વચ્ચેની ઓવરોમાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને તેઓ સાત વિકેટે માત્ર 178 રન જ બનાવી શક્યા હતા.

## ઓસ્ટ્રેલિયા આજે ઓમાન સામે જીતી વિદાય લેવા માગશે

પલ્લેકલ, તા. 19 : ટી-20 વર્લ્ડકપમાં બે મહત્વપૂર્ણ ગ્રુપ મેચ હાર્યા બાદ નિરાશ, ઓસ્ટ્રેલિયા શુક્રવારે અહીં ઓમાન સામે મોટી જીત નોંધાવીને તેમના નિરાશાજનક ટી20 વર્લ્ડકપ અભિયાનનો સકારાત્મક અંત લાવવાનો પ્રયાસ કરશે. મંગળવારે કેન્ડીમાં વરસાદને કારણે ઝિમ્બાબ્વે અને આયર્લેન્ડ વચ્ચેની મેચ રદ થતાં મર્યાદિત ઓવરના ક્રિકેટમાં છ વનડે અને એક ટી-20 વર્લ્ડકપ જીતનાર ઓસ્ટ્રેલિયા આગામી રાઉન્ડમાં સ્થાન મેળવવાની દોડમાંથી બહાર થઈ ગયું હતું. ત્યાર સુધી કેટલાક મુખ્ય ખેલાડીઓની ઈજાઓને કારણે અપેક્ષા મુજબ પ્રદર્શન કરી ન શકેલું ઓસ્ટ્રેલિયાએ શ્રીલંકા સામે બેટિંગમાં થોડી તાકાત બતાવી પરંતુ તેના બોલરો ફરીથી સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા. તેમને અગાઉ ઝિમ્બાબ્વે સામે પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

# હોપ-જોસેફની મદદથી વેસ્ટ ઈન્ડિઝે ઇટાલી પર સરળ જીત મેળવી

**હોપની** અર્ધી સદીથી વેસ્ટઇન્ડિઝે છ વિકેટે 165 રન બનાવ્યા, ઇટાલી 18 ઓવરમાં 123 રનમાં ઓલઆઉટ થયું

**વેસ્ટઇન્ડિઝનો** શમર જોસેફ ટી-20 ઇન્ટરનેશનલની એક મેચમાં ચાર વિકેટ લેવા સાથે ચાર કેચ ઝડપનારો પહેલો ખેલાડી



કોલકાતા, તા. 19 (પીટીઆઇ) : ટી-20 વર્લ્ડકપમાં આજે ગુરૂવારે અહીં રમાયેલી એક મેચમાં કેપ્ટન શે હોપની આકર્ષક અડધી સદી અને ઝડપી બોલર શમર જોસેફની ચાર વિકેટ અને ચાર કેચની મદદથી, વેસ્ટ ઈન્ડિઝે ઇટાલીને 42 રનથી હરાવીને ગ્રુપ Cમાં તમામ મેચ જીતીને પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું.

વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનો અનુકૂળ પિચ પર ઇટાલિયન સ્પિનરો સામે મુક્તપણે રમવામાં નિષ્ફળ ગયા, પરંતુ હોપની 46 બોલમાં 75 રનની ઇનિંગની મદદથી તેમણે છ વિકેટે 165 રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો. જવાબમાં, ઇટાલી 18 ઓવરમાં 123 રનમાં ઓલઆઉટ થઈ ગયું. તેમનો કોઈ બેટ્સમેન 30 રન સુધી પહોંચી શક્યો નહીં. વેસ્ટ ઈન્ડિઝ તરફથી જોસેફે 30 રન આપીને ચાર વિકેટ લીધી. સાથે જ તેણે ચાર કેચ પણ ઝડપતા તે ટી-20 ઇન્ટરનેશનલ ક્રિકેટમાં એક જ મેચમાં ચાર વિકેટ અને ચાર કેચ લેનાર પ્રથમ ખેલાડી બન્યો હતો. ઇટાલીએ ચાર મેચમાંથી એક જીત સાથે પોતાનું અભિયાન સમાપ્ત કર્યું. ગ્રુપ સીમાંથી સુપર આઠમાં પહોંચનારી બીજી ટીમ ઇંગ્લેન્ડ છે.

# અફઘાનિસ્તાને કેનેડાને 82 રને હરાવી વિજય સાથે વિદાય લીધી

**ઇબ્રાહિમ** ઝદરાનના નોટઆઉટ 95 રનની મદદથી અફઘાનિસ્તાને 200 રન બનાવ્યા

**નબીની** આગેવાનીમાં બોલરોની ઉમદા બોલિંગથી કેનેડા 8 વિકેટે 118 રન સુધી સિમિત રહ્યું



ચેન્નાઈ, તા. 19 : ટી-20 વર્લ્ડકપમાં આજે ગુરુવારે રાત્રે રમાયેલી ગ્રુપ ડીની એક મેચમાં ઈબ્રાહિમ ઝદરાનના 56 બોલમાં 95 રનની નોટઆઉટ ઈનિંગની મદદથી અફઘાનિસ્તાને ચાર વિકેટે ૨૦૦ રનનો વિશાળ સ્કોર બનાવીને મૂકેલા 201 રનના લક્ષ્યાંક સામે મહંમદ નબીની આગેવાનીમાં અફઘાનિસ્તાનના બોલરોની ઉમદા બોલિંગને કારણે કેનેડા આઠ વિકેટે 118 રન સુધી જ સિમિત રહેતા અફઘાનિસ્તાને 82 રને જીત મેળવીને ટી-20 વર્લ્ડકપમાંથી વિજય સાથે વિદાય લીધી હતી.

મહંમદ નબીએ ચાર વિકેટ લીધી હતી, જ્યારે રાશિદ ખાને બે વિકેટ લીધી હતી. કેનેડા તરફથી માત્ર એક જ બેટ્સમેન હર્ષ ઠાકર 30 રને પહોંચ્યો હતો. બે આંકડે પણ માત્ર પાંચ જ બેટ્સમેન પહોંચ્યા હતા. આ પહેલા પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને શાનદાર પ્રદર્શન કરતાં તેમના વતી ઝદરાન ઉપરાંત, સેદીકુલ્લાહ અટલે 44 રન અને વિકેટકીપર-બેટ્સમેન રહેમાનુલ્લાહ ગુરબાઝે 30 રનનું યોગદાન આપ્યું. ગુરબાઝે સાવધાનીપૂર્વક શરૂઆત કરી અને પિચ સમજ્યા પછી કેટલાક શાનદાર શોટ રમ્યા પરંતુ છઠ્ઠી ઓવરમાં આઉટ થયો. માત્ર ત્રણ બોલ પછી ગુલબદીન નૈબ પણ આઉટ થતાં અફઘાનિસ્તાનનો સ્કોર બે વિકેટે 49 રન થયો હતો. ત્યારબાદ ઝદરાને બાજી સંભાળી. જમણા હાથના બેટ્સમેનએ ક્યારેય રન રેટ ધીમો પડવા દીધો નહીં, ઝડપી બોલરો અને સ્પિનરો બંને સામે મુક્તપણે ફટકા માર્યા. તેણે અટલ સાથે ત્રીજી વિકેટ માટે 95 રનની શાનદાર ભાગીદારી કરી, અને બંનેએ સ્પિનરો સામે આક્રમક વલણ અપનાવ્યું. અંતે, અઝમતુલ્લાહ ઓમરઝાઈએ સાત બોલમાં ૧૩ રન બનાવ્યા અને અફઘાનિસ્તાનનો સ્કોર ૧૦ રન પ્રતિ ઓવરના દરે ૨૦૦ સુધી પહોંચ્યો.

# પાકિસ્તાન હોકી વિવાદ : કેપ્ટન પર પ્રતિબંધ મૂકી PHF પ્રમુખનું રાજીનામુ

**PHF** પ્રમુખ બુગતીએ રાજીનામુ આપવાની સાથે વડાપ્રધાનને સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ તપાસ કરવા વિનંતી કરી

**કેપ્ટનના** મીડિયા સામેના નિવેદનથી પાકિસ્તાન હોકીની ઇમેજ ખરડાઇ હોવાથી પ્રતિબંધ મૂક્યો : તારિક બુગતી





કરાચી, તા. 19 (પીટીઆઈ) : ઓસ્ટ્રેલિયા પ્રવાસના ગેરવહીવટને કારણે ખેલાડીઓને રસ્તા પર છોડી દેનારા પીએચએફની ટીકા કરવા બદલ કેપ્ટન અમ્માદ શકીલ બટ પર બે વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યા બાદ પાકિસ્તાન હોકી ફેડરેશનના પ્રમુખ તારિક બુગતીએ ગુરુવારે રાજીનામું આપી દેતા પાકિસ્તાન હોકીમાં ચાલી રહેલ સંકટ વધુ ઘેરું બન્યું છે.

બુગતીએ કહ્યું કે મેં મારું રાજીનામું PHFના મુખ્ય સંરક્ષક, વડા પ્રધાન શાહબાઝ શરીફને મોકલી દીધું છે, પરંતુ તેમને અને ફિલ્ડ માર્શલ અસીમ મુનીરને ઓસ્ટ્રેલિયામાં પ્રો લીગ દરમિયાન બનેલી સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવા વિનંતી પણ કરી છે. તેમણે કહ્યું કે પ્રમુખ તરીકે તેમણે લીધેલા છેલ્લા પગલા તરીકે, તેમણે રાષ્ટ્રીય ટીમના કેપ્ટન અમ્માદ શકીલ બટ્ટ પર બે વર્ષ માટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રમતો રમવા પર પ્રતિબંધ મૂક્યો હતો, જેમના નિવેદનોથી પાકિસ્તાન હોકીની છબી ખરડાઇ હતી. સ્વદેશ પરત ફર્યા પછી, બટ્ટે લાહોરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં PHFની ટીકા કરી, પ્રવાસના ગેરવહીવટ માટે તેને જવાબદાર ઠેરવ્યું. તેમણે એમ પણ કહ્યું કે પ્રવાસ દરમિયાન ખેલાડીઓએ વાસણ ધોવા પડ્યા હતા.

### મુખ્ય કોચે કેપ્ટન સહિતના કેટલાક ખેલાડીને અનુશાસનહીન ગણાવ્યા

પાકિસ્તાન ટીમના મુખ્ય કોચ તાહિર ઝમાને પણ રાજીનામું આપવાની ઓફર કરી હતી પરંતુ કહ્યું હતું કે કેપ્ટન સહિત કેટલાક ખેલાડીઓ અનુશાસનહીન હતા અને અન્ય ખેલાડીઓ સામે અપશબ્દોનો ઉપયોગ કરતા હતા, જેના કારણે પ્રદર્શન પર અસર પડી હતી. પાકિસ્તાન, આઠેય મેચ હારી ગયું હોવાથી, નવ ટીમોમાંથી છેલ્લા સ્થાને છે.

### સ્પોર્ટસ બોર્ડ અને પાકિસ્તાન હોકીનું એકબીજા પર દોષારોપણ

આ મામલે પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડ અને પીએચએફ એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે. બુગતીએ પીએસબી પર આરોપ લગાવતા કહ્યું કે તેણે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે બધી વ્યવસ્થા કરી લીધી છે. જ્યારે પીએસબીએ તેમને આપેલા દસ લાખ રૂપિયાથી વધુના ચેક વિશે પૂછવામાં આવ્યું ત્યારે બુગતીએ કોઈ જવાબ આપ્યો નહીં.

બટ્ટના નેતૃત્વમાં નવ ખેલાડીઓએ ટીમ મેનેજમેન્ટ અને PHF અધિકારીઓને હટાવવાની માંગ કરી હતી. બટ્ટે એવો પણ આરોપ લગાવ્યો હતો કે મોટાભાગના ખેલાડીઓને છેલ્લા એક વર્ષથી PSB અને PHF તરફથી તેમના દૈનિક ભથ્થા મળ્યા નથી. આ વિવાદ સોશિયલ મીડિયા પર એક વીડિયોથી શરૂ થયો હતો જેમાં પાકિસ્તાની ખેલાડીઓ સિડનીના રસ્તાઓ પર પોતાના સામાન સાથે ઉભા હતા.

# ઓસ્ટ્રેલિયા મહિલા ટીમે બીજી મેચમાં ભારતને હરાવી સીરિઝ બરાબરી પર મૂકી

**જ્યોર્જિયા** વોલ અને બેથ મૂનીની ભારત સામે 128 રનની વિક્રમી ભાગીદારીથી ઓસ્ટ્રેલિયાએ 163 રન બનાવ્યા

**સારી** શરૂઆત પછી ભારતીય ટીમે સાત રનના ઉમેરામાં છ વિકેટ ગુમાવતા નવ વિકેટે 144 રન સુધી સિમિત રહી

કેનબેરા, તા. 19 (પીટીઆઈ) : જ્યોર્જિયા વોલ અને બેથ મૂનીની વિક્રમી 128 રનની ઓપનિંગ ભાગીદારી અને બોલરોના ઉમદા પ્રદર્શનની મદદથી ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમે ગુરુવારે બીજી મહિલા ટી-20 ઈન્ટરનેશનલ મેચમાં ભારતને 19 રનથી હરાવીને ત્રણ મેચની સીરિઝ 1-1ની બરાબરી પર મૂકી હતી. વોલ અને મૂની વચ્ચેની પ્રથમ વિકેટની ભાગીદારી ઓસ્ટ્રેલિયાની ભારત સામેની સૌથી મોટી ભાગીદારી હતી, જેના કારણે યજમાન ટીમને પાંચ વિકેટે 163 રન સુધી પહોંચવામાં મદદ મળી હતી. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતની શરૂઆત તો શાનદાર રહી હતી પરંતુ અંતે તેઓ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૪૪ રન સુધી જ પહોંચી શક્યા હતા.

## પીઠાવાલા ટ્રોફીમાં આર કે સ્પોર્ટસ અને મેનિયાક્સ ક્લબે પોતપોતાની મેચ જીતી



સુરત : પીઠાવાલા સ્પોર્ટસ ક્લબ આયોજીત 44મી પીઠાવાલા ટ્રોફીમાં રમાયેલી બે અલગ અલગ મેચમાં આર કે સ્પોર્ટસ અને મેનિયાક્સ ક્લબે જીત મેળવી હતી. પ્રથમ મેચમાં એસએફ સીસીએ પ્રથમ બેટિંગ કરીને વિવેક સોલંકીના 72 રનની મદદથી 189 રન કર્યા હતા, જેની સામે આર કે સ્પોર્ટસે ચેતન ચૌધરીની સદી અને આદિત્ય યાદવના 80 રનની મદદથી એક વિકેટે લક્ષ્યાંક આંબીને નવ વિકેટે મેચ જીતી હતી. બીજી મેચમાં મેનિયાક્સ ક્લબે પ્રથમ બેટિંગ કરતાં ક્રિસ ગુપ્તાના 61 અને વેદાંત જાનીના 60 રનની મદદથી 236 રન કર્યા હતા. જેની સામે સુરત સ્પોર્ટસ ક્લબે કેયુર નાયકના 71 અને કાયવન મૈસુરીયાના 43 રનની મદદથી 229 રન સુધી જ પહોંચતા મેનિયાક્સ ક્લબે આ મેચ સાત રને જીતી હતી.

## ગાંધીઘર કછોલીની ટીમ ખેલ મહાકુંભ ડેફ ક્રિકેટમાં ચેમ્પિયન

સુરત : ઓલ ગુજરાત સ્પોર્ટસ કાઉન્સીલ ઓફ ધ ડેફ અમદાવાદ દ્વારા ખેલ મહાકુંભ ડેફ ક્રિકેટ ચેમ્પિયનશિપમાં વડોદરા, અમદાવાદ, રાજકોટ, નવસારી, કચ્છ, ભરૂચ, સાબરકાંઠા, ગાંધીનગર, પાટણ, નડિયાદ, મોરબી અને સુરતની ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ગાંધીઘર કછોલીની બધિર મિત્ર મંડળ ટીમ ચેમ્પિયન બની હતી. ટ્રસ્ટી મંડળે તે બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## T20 ટુર્નામેન્ટમાં પવિત્ર પટેલની બેટિંગ થી રઘુવીર સ્પોર્ટ્સ ઉમરા ચેમ્પિયન



સુરત : દાદી પટેલ ગ્રાઉન્ડ, લાજપોર ખાતે રમાયેલ T20 લીગ ટુર્નામેન્ટમાં ઉસ્માન પટેલ ઇલેવન સમરોડ ઇલેવન સામે ફાઇનલ મેચમાં રઘુવીર સ્પોર્ટ્સ ઉમરા તરફથી રમતા પવિત્ર પટેલે 7 ચોગ્ગા, 6 સિક્સર સાથે 49 બોલમાં 84 રનની નોટઆઉટ ઇનિંગ રમીને રઘુવીર સ્પોર્ટ્સ ઉમરા ટીમને ચેમ્પિયન બનાવી હતી. તેને ફાઇનલ માટે મેન ઓફ ધી મેચ અને સમગ્ર ટુર્નામેન્ટમાં સારા પ્રદર્શન બદલ બેસ્ટ બેસ્ટમેન તથા મન ઓફ ધી સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો.

## સ્ટ્રેન્થ લિફ્ટીંગમાં વિમલ નાણાવટીએ ગોલ્ડ જીત્યો



સુરત : સુરતમાં યોજાયેલી સ્ટેટ સ્ટ્રેન્થ લિફ્ટીંગ ચેમ્પિયનશિપની માસ્ટર કેટેગરીના 85 કિગ્રા વેઇટ ગ્રુપમાં સુરતના વિમલ નાણાવટીએ સ્ટ્રેન્થ લિફ્ટીંગ અને બેન્ચ પ્રેસ એમ બંને સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો.

## ખેલ મહાકુંભ 50 મીટર બટરફ્લાઇમાં રાજવીર કાપડિયાએ સિલ્વર જીત્યો



સુરત : ભાવનગર ખાતે સીદસર સ્પોર્ટસ કોમ્પ્લેક્સમાં તાજેતરમાં 12થી 14 ફેબ્રુઆરી દરમિયાન ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી વિવધ વયજૂથની તરણ સ્પર્ધામાં સુરતના રાજવીર કાપડિયાએ 50 મીટર બટરફલાઇમાં બીજા ક્રમે આવીને સિલ્વર મેડલ જીત્યો હતો.

# ઉન્નાવમાં ક્રિકેટ મેચ દરમિયાન મધમાખીઓનો હુમલો, અમ્પાયરનું મોત

**મધમાખીઓના** ઝુંડે કરેલા હુમલામાં 15થી 20 ખેલાડીઓ ઘવાયા, ખેલાડીઓ-દર્શકોએ ભાગદોડ મચાવી

**અમ્પાયર** માણિક ગુપ્તાને હોસ્પિટલ લઇ જવાયા ત્યારે મધમાખીઓ તેમના શરીર, ચહેરા પર ચોંટેલી હતી

ઉન્નાવ/કાનપુર, તા. 19 (પીટીઆઇ) : ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લામાં રમાતી એક ક્રિકેટ મેચ પર મધમાખીઓના ઝુંડે કરેલા હુમલામાં 65 વર્ષીય અમ્પાયર માણિક ગુપ્તાનું મોત થયું અને 15 થી 20 ખેલાડીઓ ઘાયલ થયા હતા. આ ઘટના બુધવારે સાંજે શુક્લાગંજ વિસ્તારના સપ્રુ મેદાનમાં બની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, કાનપુરના રહેવાસી માણિક ગુપ્તા મેચ અમ્પાયરિંગ કરી રહ્યા હતા ત્યારે મધમાખીઓના ટોળાએ અચાનક મેદાનમાં ખેલાડીઓ અને અધિકારીઓ પર હુમલો કર્યો. હુમલાને કારણે મેદાનમાં અરાજકતા ફેલાઈ ગઈ, ખેલાડીઓ અને દર્શકો જીવ બચાવવા માટે ભાગવા લાગ્યા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, મધમાખીના ડંખથી માણિક ગુપ્તા ગંભીર રીતે ઘાયલ થયા હતા અને બેભાન થઈ ગયા હતા. તેમને પહેલા શુક્લાગંજની એક ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ જ્યારે તેમની હાલત વધુ ખરાબ થઈ ગઈ, ત્યારે તેમને કાનપુરની લાલા લજપત રાય હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. ત્યાંના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. પોલીસે જણાવ્યું હતું કે અન્ય એક અમ્પાયર અને લગભગ 15-20 ખેલાડીઓને પણ મધમાખીઓએ ડંખ માર્યો હતો અને તેમની સારવાર કરવામાં આવી હતી.

કાનપુર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ એસ.એન. સિંહે આ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું કે ઉન્નાવમાં ક્રિકેટ મેચ દરમિયાન મધમાખીઓના હુમલાથી અમ્પાયર માણિક ગુપ્તાનું મૃત્યુ થયું. જ્યારે તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા ત્યારે પણ મધમાખીઓ તેમના ચહેરા અને શરીર પર ચોંટી ગઈ હતી, જે હુમલાની ગંભીરતા દર્શાવે છે.

# કર્ણાટક અને જમ્મુ-કાશ્મીર વચ્ચે 24મીથી રણજી ટ્રોફી ફાઈનલ રમાશે

**ઉત્તરાખંડ** સામેની મેચ ડ્રો રહેતા કર્ણાટક પ્રથમ દાવની સરસાઇના આધારે ફાઇનલમાં પ્રવેશ્યું

લખનૌ, તા. 19 (પીટીઆઈ) : કર્ણાટક ગુરુવારે ઉત્તરાખંડ સામે ડ્રો થયેલી સેમી ફાઈનલ મેચમાં પ્રથમ ઈનિંગની લીડના આધારે 11 વર્ષના અંતરાલ પછી રણજી ટ્રોફીની ફાઈનલમાં પ્રવેશ્યું. 24 ફેબ્રુઆરીથી હુબલીમાં યોજાનારી ફાઈનલમાં કર્ણાટકનો મુકાબલો જમ્મુ અને કાશ્મીર સામે થશે. કર્ણાટકે પાંચમા અને અંતિમ દિવસે છ વિકેટે ૨૯૯ રનથી રમત ફરી શરૂ કરી અને બાકીની ચાર વિકેટ ઝડપથી ગુમાવી દીધી, અને ૩૨૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ, જેનાથી કુલ 826 રનની સરસાઈ મળી. ઉત્તરાખંડે અવિનેશ સુધા (66), સચિન રાવત (નોટઆઉટ 53) અને અભય નેગી (નોટઆઉટ 57)ની અડધી સદીની મદદથી કર્ણાટકની મેચમાં જીતની આશા પર પાણી ફેરવ્યું હતું. આ રમતને કારણે ઉત્તરાખંડે પોતાનો બીજો દાવ છ વિકેટે 260 રન પર પૂર્ણ કર્યો. જોકે, કર્ણાટકને ફાઇનલમાં પહોંચવા માટે પ્રથમ ઈનિંગ્સની મોટી સરસાઈ પૂરતી હતી. ઉત્તરાખંડનો સ્કોર છ વિકેટે ૧૫૬ રન હતો ત્યારે કર્ણાટક જીત માટે તૈયાર જણાતું હતું પરંતુ નેગી અને રાવતે સાતમી વિકેટ માટે 104 રનની ભાગીદારી નોંધાવીને હાર ટાળી હતી. ટી બ્રેક પછી લગભગ 30 મિનિટ બાદ બંને ટીમોના કેપ્ટન ડ્રો માટે સંમત થયા. કર્ણાટક હવે તેમના નવમા રણજી ટ્રોફી ટાઇટલ પર નજર રાખશે, જેણે છેલ્લે 2014-15 સીઝનમાં આર વિનય કુમારની કેપ્ટનશીપ હેઠળ જીત મેળવી હતી.

## સુડોકુ ૭૯૨૮ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | | ૯ | | ૪ | ૩ | | ૨ |
| | ૨ | ૮ | | | | ૧ | ૪ | |
| | | ૧ | | | ૮ | | | ૭ |
| ૬ | ૫ | | ૮ | ૭ | | ૨ | | ૪ |
| ૪ | ૮ | ૨ | ૬ | | ૧ | | | |
| | | | | ૫ | | | | |
| | ૬ | ૭ | ૧ | ૮ | | ૪ | | |
| | | ૫ | ૭ | | | ૯ | | ૧ |
| ૧ | ૯ | ૪ | | | ૫ | ૮ | ૭ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### પીઠ પર પાઠુ

સ્વયં જોઈ ન શકાય તેવી જગ્યાએ થયેલ ગૂમડું દર્દ સાથે માનસિક રહસ્ય ઉપજાવે છે. મહા મંજીષ્ઠાદિ કાઢો પીવો. આવળની છાલ લાવી, ટુકડા કરી , સૂકવી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. ગૂમડા પર સહેજ લીમડાના પાન ઉકાળેલું પાણી છાંટી તે પર આ ચૂર્ણ ચોંટાડી, સ્વચ્છ કપડું મૂકી પટ્ટી મારી દો. સારું થાય ત્યાં સુધી પ્રયોગ ચાલુ રાખો. ફૂટી જાય પછી પંચગુણ તેલ નું પૂમડુ મૂકવું.

## આજનું પંચાંગ

**તા. 20/02/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** સુદઃ ત્રીજ : 14:40 **અયન :** ઉત્તરાયન
**ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ : 01
**નક્ષત્ર :** ઊ.ભા. 20:08
**યોગ :** સાધ્ય **કરણઃ** વણિજ
**રાશિઃ** મીન (દ,ચ,ઝ,થ)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 07:07 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:38
**નવકારસી :** 07:55
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 10મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 02જો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળઃ** 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** વાણી પર કાબૂ રાખવો. અપ્રિય સમાચાર મળે. કામનો બોજ શરીર અને મન પર જોવા મળશે.

**વૃષભ (બ,વ,ઉ,):** જૂના મિત્રોની મુલાકાતથી આનંદની અનુભૂતિ થાય. ધનપ્રાપ્તિ થાય. વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે.

**મિથુન (ક,છ,ઘ,):** મહેનતનું ફળ પ્રતિષ્ઠા વધારશે. રાજકારણમાં અનુકૂળતા રહે. નોકરી-ધંધામાં પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** નોકરી-ધંધાર્થે પ્રવાસ સફળ રહે. ઉચ્ચ કક્ષાનાં લોકોનો સાથે મળે. વિદેશનાં કામ થાય.

**સિંહ (મ,ટ,):** શત્રુઓ અને ઈર્ષાળુઓથી સાવધાન રહેવું. ઉઘરાણી આવી શકે છે.આરોગ્ય નરમ રહે.

**કન્યા (પ,ઠ,ણ,):** દાંપત્યજીવનમાં તાલમેળ રહે. નોકરી-ધંધાનાં રોજીંદા કામમાં અનુકૂળતા રહેશે.

**તુલા (ર,ત,):** લેવડ-દેવડમાં સાવધાન રહેવું. નોકરીમાં નવી તક મળે. સરકારી કામમાં પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** સંતાનોની ચિંતા સતાવે. જીવનસાથી સાથે વિવાદ થાય. મિત્રો-ભાઈઓનો સાથ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** અચાનક કાર્ય પાર પડે. નવી તક મળે. નવા ઘર, વાહન જમીન જેવા કામમાં પ્રગતિ થાય.

**મકર (ખ,જ,):** આગળ કરેલા રોકાણ અને મહેનતનું ફળ મળે. વિવાદ ટાળવો. મિત્રોનો સાથ રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉત્સાહજનક સમાચાર મળે. ઉઘરાણી આવે. વારસા બાબતે પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** સ્વજનોની મુલાકાત થાય. જીવનસાથીનો સાથ મળે. સાહસથી હાથ પરનાં કામ પાર પડશે.

## કોઈ પણ સાલમાં 20 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારનાર રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી અને સરકારી નીતિથી દોડ-ધામ કામનો બોજ અને જવાબદારીઓ વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં સામાન્ય રહે. કુટુંબ પરિવારની અપેક્ષાઓ સતાવશે. આરોગ્ય નરમ ગરમ રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. નવા ઘર, વાહન મકાનની યોજના શરૂઆતમાં પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામ ધીમાં પડશે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય પ્રશ્નો સતાવશે. મિત્રો-વડીલોની મદદ વધારાની આવક માટે મળતી રહે. જૂન-જુલાઈ તથા ગુરુ-સોમ અને 2,11, 20,29 તારીખે નવા કામ અનુકૂળ રહેશે. સફેદ-ક્રીમ રંગનો ઉપયોગ કરતાં રહેવું. જાન્યુઆરી-ફેબ્રુઆરી તથા મંગળ-બુધ અને તા. 5, 6 નવો કામમાં ટાળવી. લીલો, ભૂરો, કાળો રંગ બને ત્યાં સુધી વાપરવો નહીં.

## શબ્દગુંફન - ૭૧૭૩

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. વિવેક (૪)
૪. દુઃખ પીડા (૩)
૬. છબી, ચિત્ર (૪)
૮. મહેક, ખુશબો (૪)
૧૦. રાત્રિ ભોજન (૨)
૧૧. સીમા (૨)
૧૨. વાણી, વાચા (૨)
૧૩. બડાઈ, શેખી (૪)
૧૫. બ્રહ્માના એક માનસપુત્ર (૩)
૧૭. પવન (૩)
૧૯. ફરિયાદ (૨)
૨૦. હેતુ, આશય (૪)
૨૨. મર્યાદા, સીમા (૨)
૨૩. મા-બાપ (૪)
૨૪. પારકું, અન્ય(૨)
૨૫. કિનારો (૨)
૨૬. દેવાદાર (૫)
૨૮. ફત્તેહ, વિજય (૨)
૨૯. યુવાન (૩)

**ઊભી ચાવી**
૧. થોડા વાળની સેર (૨)
૨. ઘા, શારીરિક ઈજા (૩)
૩. ફળો વગેરેનું પ્રવાહી (૨)
૪. કિંમત, મૂલ્ય (૨)
૫. દયાવાળું (૩)
૬. કાંઠો, કિનારો (૨)
૭. દુઃખ (૩)
૮. ઉપાધિ, દરજ્જો (૨)
૯. શૂરવીર (૩)
૧૦. વાંદરું, કપિ (૩)
૧૧. પચેલું (૩)
૧૨. ઘોડો (૨)
૧૩. આબરૂ, વિશ્વાસ (૨)
૧૪. ઘોડાવાળો (૩)
૧૫. હોડી, વહાણ (૨)
૧૬. પીડા, કષ્ટ (૩)
૧૮. રોકાણ (૪)
૧૯. કાંજી, ઘેંસ(૨)
૨૦. એ નામનો હીરો (૪)
૨૧. વિવેક અને મીઠાશ (૪)
૨૨. પ્રત્યેક, દરેક (૨)
૨૩. શોક, રડાકૂટ (૩)
૨૪. પાછું (૩)
૨૭. આદમી (૨)